ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

વડોદરા-છોટાઉદેપુર

ક્વાંટ તાલુકાના મોટીઝુડુલી ગામનો બનાવ, ઘર પાસે રમતી બે સગી બહેનો પાણીમાં ગરકાવ થઈ મૃત્યુ પામી

પાઇપલાઇન લીકેજથી પાણીનું પૂર, બે સગી બહેનોના મોત બાદ ગ્રામજનોમાં રોષ

કુપ્પા પાણી પુરવઠા યોજનાની બેદરકારીના આક્ષેપ વચ્ચે મોટી ઝુડુલી ગામમાં શોકનું મોજું ફરી વળ્યું

(પ્રતિનિધિ) ક્વાંટ, તા.6

ક્વાંટ તાલુકાના મોટીઝુડુલી ગામે નસવાડી તાલુકાના કુપ્પા ગામેથી આવતી કુપ્પા પાણી પુરવઠા યોજના માં વહીવટી તંત્ર ની બેદરકારીના કારણે પાઇપલાઇન લીકેજ થતા ઘર નજીક રમતી બે સગી બહેન નાની બાળાઓનો સ્થળ પર પાણીમાં ડૂબી જતા મૃત્યુ થતાં ગ્રામજનો તેમજ પરિવારજનોમાં રોષ વ્યાપ્યો છે અને બેદરકાર કર્મચારીઓ પર તાત્કાલિક પગલા લેવા માટે માંગ કરી છે.

આજરોજ બપોરે 12:00 કલાકે બુધરીયાભાઈ ભીલ ની બે છોકરીઓ જેમાં મોટી છોકરી નીરુમતીબેન બુધરીયાભાઈ ભીલ ઉંમર વર્ષ સાડા ચાર અને નાની પુત્રી મીનાક્ષીબેન બુધરીયા ભાઈ ભીલ ઉંમર વર્ષ સાડા ત્રણ નાઓ ઘર પાસે રમતા હતા તે દરમિયાન નસવાડી તાલુકા ના કુપ્પા ગામે આવેલ પાણી પુરવઠા યોજના જે મોટી ઝુડુલી થઈને બગલીયા ગામે જાય છે બપોરે 12 વાગ્યે અચાનક અંડર ગ્રાઉન્ડ પાઇપલાઇન લીકેજ થતા પાણીનું પૂર આવતા બે બાળકી ઓ પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી અને તેઓનું મૃત્યુ નીપજ્યું હતું ગ્રામજનો તેમજ પરિવારજનો સ્થળ પર પહોંચી ગયા હતા અને સ્થળ પરથી બંને બાળકીઓનો મૃતદેહ પાણીમાંથી બહાર કાઢવામાં આવેલ અને બાળકોના મોત થી આક્રંદ કરતા હતા.

> કુપ્પા પાણી પુરવઠા યોજના ની બેદરકારીના કારણે મોટી ઝુડુલી ગામની નાની બાળાઓ પાણીમાં ડૂબી જતાં મોત નીપજેલ તો વહીવટી તંત્ર તેમજ બેદરકાર કર્મચારીઓ પર યોગ્ય પગલા લેવા માટે ગ્રામજનો તેમ જ પરિવારજનોની માંગ છે.
>
> **માણકા તાલુકા પંચાયત સદસ્ય ભીલ કેમજીભાઈ**

વાઘોડિયા : મામલતદાર-ટીડીઓને પત્ર, વધારાની કામગીરીનો બહિષ્કાર

મહેસૂલી સહિતની વધારાની ફરજો નહીં બજાવવાની કર્મચારીઓએ રૂબરૂ રજૂઆત કરી

(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.6

રાજ્ય તલાટી મહામંડળના આદેશ અનુસાર મહેસુલી સહિતની અન્ય તમામ વધારાની કામગીરીઓ સદંતર બંધ કરવાની જાણ કરતો પરિપત્ર જિલ્લા તેમજ તાલુકાના તલાટી કમ મંત્રીઓને મહામંડળ દ્વારા મળતા આજે વાઘોડિયા તલાટી કમ મંત્રી મંડળના પ્રમુખ કિરણસિંહ પરમાર ની આગેવાનીમાં વાઘોડિયા મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારીને રૂબરૂ મળીને જાણકારી આપતો પત્ર પાઠવવામાં આવ્યો હતો. હાલમાં ગ્રામ્ય કક્ષાએ તલાટી ક મ મંત્રીઓ પાસે પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગ ઉપરાંત મહેસુલ અને અન્ય વિભાગોની વધારાની કામગીરીઓ કરાવવામાં આવે છે. તલાટીઓ માટે કોઈ સ્પષ્ટ અને સુવ્યવસ્થિત જોબચાર્ટ ન હોવાથી, તેમના પર અસંગત અને અતિરિક્ત કામગીરીનો બોજો સતત વધી રહ્યો છે. જેના કારણે ગ્રામ પંચાયત અને ગ્રામ વિકાસની મૂળભૂત કામગીરીઓ પર વિપરીત અસર પડી રહી છે.આ બાબતે ગુજરાત રાજ્ય તલાટી કમ મંત્રી મહામંડળ દ્વારા સરકારમાં અવારનવાર લેખિત રજૂઆતો કરવામાં આવી હતી, જેના પગલે કમિટીની રચના પણ થઈ હતી.

પાલેજ સરપંચની રજૂઆત બાદ ૧૫ દિવસમાં બન્યાં રેશનકાર્ડ

કચ્છી ભાંડુઓને રેશનકાર્ડનું વિતરણ: એક સામાજિક સદભાવનું ઉદાહરણ

(પ્રતિનિધિ) કરજણ, તા.6

ભરૂચ જિલ્લાના પાલેજ ગામમાં એક અનોખો પ્રસંગ બન્યો, જ્યાં વર્ષોથી રેશનકાર્ડથી વંચિત કચ્છી ભાંડુઓ અને અન્ય જરૂરિયાતમંદ પરિવારોને આખરે તેમના હકના રેશનકાર્ડ પ્રાપ્ત થયા. આ ઘટના માત્ર સરકારી યોજનાના અમલીકરણનું ઉદાહરણ નથી, પરંતુ સામાજિક સંવેદનશીલતા, ત્વરિત કાર્યવાહી અને સમુદાયના સહયોગનું એક ઉત્તમ દ્રષ્ટાંત પૂરું પાડે છે.

પાલેજ ગ્રામ પંચાયત કચેરી ખાતે સોમવારે યોજાયેલા એક કાર્યક્રમમાં, ઈન્ચાર્જ સરપંચ શબ્બીર પઠાણના હસ્તે આ રેશનકાર્ડનું વિતરણ કરવામાં આવ્યું. આ પ્રસંગે ઉપસ્થિત રહેલા કચ્છી ભાંડુઓ સહિત અનેક ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોની આંખોમાં ખુશી છલકાઈ રહી હતી. વર્ષોથી મજૂરી કરીને જીવનનિર્વાહ કરતા આ પરિવારો માટે રેશનકાર્ડ એ માત્ર એક દસ્તાવેજ નથી, પરંતુ સસ્તા અનાજ અને અન્ય સરકારી યોજનાઓનો લાભ મેળવવાનું એક પ્રવેશદ્વાર છે.

આ સમગ્ર પ્રક્રિયા પાછળ ભરૂચ તાલુકાના મામલતદાર શ્રીમતી માધવીબેન મિસ્ત્રી અને પાલેજના ઈન્ચાર્જ સરપંચ શબ્બીર પઠાણનો સક્રિય પ્રયાસ રહેલો છે. સરપંચ પઠાણે જ્યારે મામલતદાર સમક્ષ રેશનકાર્ડથી વંચિત પરિવારોની રજૂઆત કરી, ત્યારે મામલતદાર શ્રીમતી મિસ્ત્રીએ તેની ગંભીરતાને સમજીને તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી. તેમની સૂચનાથી, બીજા જ દિવસે ભરૂચથી એક વિશેષ ટીમ પાલેજ ગ્રામ પંચાયત કચેરી ખાતે મોકલવામાં આવી.

કરજણના ASIએ મહિલાને પરત સોંપ્યું કિંમતી પર્સ

(પ્રતિનિધિ) કરજણ, તા.6

કરજણ રેલવે પોલીસની સતર્કતા, પ્રામાણિકતા અને માનવતાભરી કામગીરી ફરી એકવાર ચર્ચાનું કેન્દ્ર બની છે. કરજણ રેલવે પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા એએસઆઈ વિજયભાઈ કંચનભાઈ નાઈટ ડ્યૂટી દરમિયાન વહેલી સવારે વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનના સમયે પેટ્રોલિંગમાં હતા.

તે દરમિયાન પોતાની દીકરીને ટ્રેનમાં મૂકવા આવેલા અમીનબેન જીયાનું મનીપર્સ સ્ટેશન વિસ્તારમાં ક્યાંક પડી ગયું હતું. પર્સમાં 8,500 રોકડ, આધાર કાર્ડ, ઘરની ચાવી તેમજ અન્ય જરૂરી દસ્તાવેજો હતા.

પેટ્રોલિંગ દરમિયાન એએસઆઈ વિજયભાઈને આ પર્સ મળી આવતા તેમાં રહેલી વિગતોના આધારે મહિલાનો સંપર્ક કરવામાં આવ્યો. જરૂરી ઓળખની ચકાસણી બાદ 'તેરા તુજકો અર્પણ' અભિયાન અંતર્ગત સમગ્ર સામાન સહિતનું પર્સ અમીનબેન જીયાને સુરક્ષિત રીતે પરત સોંપવામાં આવ્યું.

પોતાનો કિંમતી સામાન અક્ષત હાલતમાં પરત મળતાં અમીનબેને કરજણ રેલવે પોલીસ અને એએસઆઈ વિજયભાઈ કંચનભાઈનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

તળાવની પાળો તોડી માટી પુરાણ કરવાના મામલે વિવાદ

શિનોરમાં ૨૫ લાખના વિકાસ કામોની વિગતો RTIથી માંગાઈ

(પ્રતિનિધિ) શિનોર, તા.6

વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના સાધલી ગામમાં ગ્રામ પંચાયત દ્વારા તળાવની મજબૂત પાળ તોડી કરવામાં આવેલા કામનો વિવાદ હજુ યથાવત છે. હવે આ વિવાદે નવો વળાંક લીધો છે. ગામના જાગૃત નાગરિક દ્વારા ગ્રામ પંચાયતના સ્વભંડોળમાંથી કરવામાં આવેલા વિકાસ કામોની વિગતો મેળવવા આરટીઆઈ અરજી કરવામાં આવી છે. જેના કારણે પંચાયતના વિકાસ કામો ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં આવ્યા છે.

સાધલી ગામમાં અગાઉ ગ્રામ પંચાયત દ્વારા અંદાજે 25 લાખ રૂપિયાના ખર્ચે તળાવની પાળ તોડી અંદર સુધી ખોદકામ કરી માટી પુરાણ કરવામાં આવ્યું હોવાના આક્ષેપો થયા હતા. આ મામલે જિલ્લા કલેક્ટર તેમજ તાલુકા વિકાસ અધિકારી સમક્ષ તપાસની માંગ પણ ઉઠી હતી. જોકે હજુ સુધી સમગ્ર મામલે સ્પષ્ટતા થઈ નથી. તે દરમિયાન હવે ગામના એક જાગૃત નાગરિકે માહિતીના અધિકાર કાયદા હેઠળ ગ્રામ પંચાયતના સ્વભંડોળમાંથી મંજૂર થયેલા વિકાસ કામોની સંપૂર્ણ વિગતો, વર્ક ઓર્ડર, એસ્ટિમેટ, ખર્ચની માહિતી તેમજ સંબંધિત દસ્તાવેજોની માંગ કરી છે. સાથે જ તળાવની પાળ તોડવા માટે કયા અધિકારીની મંજૂરી લેવામાં આવી હતી અને કયા નિયમોના આધારે કામગીરી કરવામાં આવી હતી તેની પણ માહિતી માંગવામાં આવી છે. આરટીઆઈ અરજી બાદ ગામમાં ફરી ચર્ચાનો માહોલ સર્જાયો છે. જો દસ્તાવેજોમાં કોઈ અનિયમિતતા અથવા નિયમોનું ઉલ્લંઘન સામે આવશે તો સંબંધિત જવાબદારો સામે કાર્યવાહી થઈ શકે તેવી ચર્ચાઓ ચાલી રહી છે.

ડભોઈ રેલવેના દબાણો હટાવવા ૧૦ દિવસની અંતિમ નોટિસ

ચૂંટણી દરમિયાન અટકાવાયેલી કાર્યવાહી ફરી શરૂ

(પ્રતિનિધિ) ડભોઈ, તા.6

ડભોઈના રેલ્વે સ્ટેશનની આજુબાજુની રેલવેની જમીન પર ના દબાણો અંગે માર્ચ એપ્રિલ માસની ચૂંટણી દરમિયાન નોટિસો આપવામાં આવી હતી તે સમયે દબાણની કામગીરી બંધ રાખવામાં આવી જે ચૂંટણી પુરી થયા પછી પુનઃ નોટિસ આપવામાં આવતા દબાણકર્તા ઓ મા ફફડાટ વ્યાપી ગયો છે. રેલ્વેના સિનિયર સેકસન એન્જિનિયર વડોદરા ડિવિઝન દ્વારા ડભોઈના દબાણ કર્તા ઓ ને નોટિસ પાઠવતા રહીશો મા હડકંપ મચી ગયો છે દબાણકર્તા ઓ ના મતે માથે ચોમાસા ની ઋતુ હોય સમય આપવામાં આવે એવી રજુઆત થનાર છે ડભોઈ ના દબાણ અટકાવી દેવામા આવે હવે જોવુ રહ્યું કે રેલ્વે ના અધિકારીઓ દબાણ કર્તા પોતાની જાતે દબાણ નહીં હટાવે તો રેલવે દ્વારા દબાણ તોડી નાંખવા ની કાર્યવાહી કરવામાં આવશે એમ રેલવે ના સુત્રો દ્વારા જાણવા મળ્યું છે આવનાર સમય મા રેલવે ની જમીન મા દબાણકર્તા ઓ કેવા પગલાં ભરે છે એ જોવુ રહ્યું.

કલારાણી-વાવડી-પાવીજેતપુર રૂટનો ભવ્ય પ્રારંભ

પાવીજેતપુર તાલુકાના અંતરિયાળ ગામોને મળી નવી એસ.ટી. બસની ભેટ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.6

છોટાઉદેપુર જિલ્લાના પાવીજેતપુર તાલુકાના ગ્રામીણ વિસ્તારના નાગરિકો અને વિદ્યાર્થીઓ માટે પરિવહનની સુવિધા વધુ સુદ્રઢ બની છે. તાલુકાના અંતરિયાળ ગામોને જોડતા એક મહત્વપૂર્ણ અને નવીન એસ.ટી. બસ રૂટને લીલી ઝંડી આપીને વિધિવત રીતે શુભારંભ કરાવવામાં આવ્યો છે. આ નવીન બસ સેવા શરૂ થતાં સ્થાનિક રહીશોમાં ભારે આનંદની લાગણી વ્યાપી ગઈ છે.

છોટાઉદેપુર જિલ્લા પંચાયતના પ્રમુખ ઉપેન્દ્રભાઈ રાઠવાના વરદ હસ્તે આ નવીન બસ રૂટને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્થાનિક અગ્રણીઓ, એસ.ટી. વિભાગના અધિકારીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. બસના પ્રારંભ સમયે કલારાણી ખાતે ઉત્સાહભર્યું વાતાવરણ જોવા મળ્યું હતું.

આ નવો એસ.ટી. બસ રૂટ કલારાણી થી વાવડી, કોશિયા, કોહીવાવ, તંબોલીયા, ચુડેલ, ભેસાવહી થઈ પાવીજેતપુર (વાયા ચુડેલ, વાવડી) સુધી ચાલશે. આ રૂટ શરૂ થવાથી રોજબરોજ તાલુકા મથકે આવતા-જતા નોકરિયાતો, ખેડૂતો, મજૂરો અને ખાસ કરીને શાળા-કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને મોટી રાહત મળશે. અત્યાર સુધી આ વિસ્તારના લોકોને ખાનગી વાહનો પર આધાર રાખવો પડતો હતો, જેમાંથી હવે મુક્તિ મળશે.

સ્થાનિક ગ્રામજનો દ્વારા લાંબા સમયથી આ વિસ્તારમાં સરકારી બસ સુવિધા શરૂ કરવા માટે રજૂઆતો કરવામાં આવી રહી હતી. જેને ધ્યાને લઈને તંત્ર અને પદાધિકારીઓના સક્રિય પ્રયાસોથી આ રૂટ મંજૂર કરાવી આજથી સેવાનો પ્રારંભ કરી દેવાયો છે.

ડભોઈ ભાજપ યુવા મોરચાની રક્તદાન શિબિર યોજાઈ

(પ્રતિનિધિ) ડભોઈ, તા.6

ડભોઈ માં મહુડી ભાગોળ બહાર આવેલા અર્બન હેલ્થ સેન્ટર ખાતે ડૉ. શ્યામા પ્રસાદ મુખરજી ની જન્મ જયંતિ ની ઉજવણી નિમિત્તે ડભોઈ યુવા ભાજપ મોરચા ધ્વારા સયાજી બ્લડ બેન્ક ના મધ્યમ થી રકતદાન શિબિર યોજાઈ હતી. જેમાં 100 યુનિટ રક્ત એકત્રિત કરાયું હતું ડૉ.શ્યામા પ્રસાદ મુખરજી ની 125 મી જન્મ જયંતિ ની ઉજવણી સ્મૃતિ પખવાડિયા ના ભાગરૂપે કોઈક નું જીવન બચાવવા,સમાજ માં અમૂલ્ય અને નિખાલસ ભાવે મદદરૂપ થવાના આશય થી રકતદાન મહાદાન ના ઉમદા ધ્યેય સાથે ડભોઈ ભાજપ યુવા મોરચા ધ્વારા રક્તદાન શિબિર યોજાઈ હતી. જેમાં વડોદરા જિલ્લા મહામંત્રી શૈલેષભાઈ સોલંકી, ડભોઈ શહેર ભાજપ પ્રમુખ દીક્ષિતભાઈ દવે,મહામંત્રી હિરેનભાઈ શાહ,વિજયભાઈ રબારી સહિત યુવા મોરચાના પ્રમુખ જય પટેલ,મહામંત્રી નીલ પટેલ,રાહુલ દેસાઈ સહિત ના હાજર રહી ખડેપગે સેવા આપી સ્મૃતિ પખવાડિયા ની ઉજવણી ને સાર્થક બનાવવા સાથે રકતદાન શિબિર ને સફળ બનાવી હતી.

મુવાલ ગામ પાસે બાઈક સ્લીપ થતા યુવકનું મોત, વડુ પોલીસે અકસ્માતનો ગુનો નોંધ્યો

પાદરા : પાદરા-જંબુસર રોડ પર મુવાલ ગામની સીમમાં આવેલ ગોપાલ હોટલ સામે બાઈક સ્લીપ થતા એક 20 વર્ષીય યુવકનું સારવાર દરમિયાન મોત નિપજતાં વડુ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધ્યો છે. પોલીસના જણાવ્યા મુજબ, ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાના ગજેરા ગામે રહેતા વિવેકકુમાર પ્રવિણભાઈ ઠાકોર (ઉ.વ. 20) પોતાની ટીવીએસ રાઇડર મોટરસાઇકલ લઈને પાદરાથી જંબુસર તરફ જઈ રહ્યા હતા. દરમિયાન મુવાલ ગામની સીમમાં ગોપાલ હોટલ સામે તેઓએ બાઈક પુરઝડપે તથા ગફલતભરી રીતે ચલાવતા નિયંત્રણ ગુમાવતાં મોટરસાઇકલ સ્લીપ થઈ ગઈ હતી. અકસ્માતમાં વિવેકકુમારને માથાના પાછળના ભાગે તેમજ ડાબા પગે ગંભીર ઈજાઓ પહોંચી હતી.

'સશક્ત દીકરી - Collector in Classroom' પહેલથી વર્ગખંડ બન્યો વિશ્વાસ, સંવાદ અને આત્મવિશ્વાસનો મંચ

જ્યારે કલેક્ટર બન્યા 'મોટી બહેન' એક સાચા અનુભવે આદિવાસી દીકરીઓમાં જગાવ્યો હિંમતનો દીવો

પોતાના બાળપણનો સંવેદનશીલ અનુભવ વહેંચીને કલેક્ટર ગાર્ગી જૈને આપ્યો સંદેશ - 'મૌન નહીં, અવાજ ઉઠાવો'

(વિશેષ પ્રતિનિધિ) વડોદરા, તા.6

સરકારી અધિકારી એટલે માત્ર આદેશ આપતી વ્યક્તિ-સમાજમાં સામાન્ય રીતે આવી છબી જોવા મળે છે. પરંતુ છોટાઉદેપુરના જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈને આ માન્યતાને બદલવાનો પ્રયાસ કર્યો છે. તેઓ દર અઠવાડિયે શાળાના વર્ગખંડમાં એક અધિકારી તરીકે નહીં, પરંતુ માર્ગદર્શક, મોટી બહેન અને વિશ્વાસપાત્ર મિત્ર તરીકે પહોંચે છે.

'સશક્ત દીકરી - Collector in Classroom' પહેલ હેઠળ જિલ્લાના વિવિધ શાળાઓમાં યોજાતા સંવાદ સત્રોમાં આદિવાસી દીકરીઓ સાથે એવા જીવનમૂલ્ય આધારિત વિષયો પર ખુલ્લી ચર્ચા કરવામાં આવે છે, જે પાઠ્યપુસ્તકોની બહારના હોવા છતાં જીવન માટે અત્યંત જરૂરી છે. આરોગ્ય, માસિક સ્વચ્છતા, વ્યક્તિગત સ્વચ્છતા, ફિટનેસ, કારકિર્દી, નેતૃત્વ, આત્મવિશ્વાસ, માનસિક સશક્તિકરણ અને વ્યક્તિગત સુરક્ષા જેવા મુદ્દાઓ પર દીકરીઓને નિર્ભયપણે પોતાની વાત રજૂ કરવા પ્રોત્સાહિત કરવામાં આવે છે.

તાજેતરના એક સત્ર દરમિયાન કલેક્ટર ગાર્ગી જૈને પોતાના બાળપણનો એક અત્યંત સંવેદનશીલ અનુભવ દીકરીઓ સાથે વહેંચ્યો. તેમણે જણાવ્યું કે નાની ઉંમરે બસમાં મુસાફરી દરમિયાન તેમની સાથે અયોગ્ય વર્તન થયું હતું, પરંતુ ડર અને અજાણતાના કારણે તેઓ તે સમયે પોતાની માતાને પણ આ વાત કહી શક્યા નહોતા. તેમણે દીકરીઓને સ્પષ્ટ સંદેશ આપ્યો કે આવી કોઈ ઘટના બને તો મૌન ન રહેવું, પરંતુ તરત જ માતા-પિતા, શિક્ષક અથવા વિશ્વાસપાત્ર વડીલને જાણ કરવી જોઈએ.

આ નિખાલસ વાત સાંભળીને અનેક વિદ્યાર્થિનીઓ ભાવુક બની ગઈ હતી. ઘણા વિદ્યાર્થીઓ માટે આ પ્રથમ પ્રસંગ હતો, જ્યારે કોઈ ઉચ્ચ વહીવટી અધિકારીએ પોતાના જીવનનો આટલો વ્યક્તિગત અનુભવ તેમની સાથે ખુલ્લા હૃદયે વહેંચ્યો હતો. મનોવિજ્ઞાન પણ કહે છે કે વિશ્વાસ માત્ર શબ્દોથી નહીં, પરંતુ અનુભવોની વહેંચણીથી જન્મે છે. સંશોધનો મુજબ જ્યારે નેતૃત્વ કરનાર વ્યક્તિ પોતાની સંવેદનાઓ અને સંઘર્ષોને સ્વીકારે છે, ત્યારે લોકો સાથે વિશ્વાસનું મજબૂત જોડાણ સર્જાય છે. આ જ કારણ છે કે આ પહેલ દીકરીઓમાં આત્મવિશ્વાસ અને નિર્ભયતા વધારવામાં અસરકારક બની રહી છે.

'સશક્ત દીકરી - Collector in Classroom' હવે માત્ર એક શૈક્ષણિક પહેલ રહી નથી. તે સંવેદનશીલ વહીવટ, વિશ્વાસપૂર્ણ સંવાદ અને મહિલા સશક્તિકરણનું જીવંત ઉદાહરણ બની છે. જ્યારે એક જિલ્લા કલેક્ટર પોતાના હોદ્દાની ઔપચારિકતા છોડીને દીકરીઓ સાથે જીવનના અનુભવો વહેંચે છે, ત્યારે પ્રશાસન માત્ર વ્યવસ્થા નથી રહેતું-તે પ્રેરણાનું સ્વરૂપ ધારણ કરે છે.

છોટાઉદેપુરમાં સિઝનના પ્રથમ જ વરસાદે ગરમીથી રાહત આપી

છોટાઉદેપુર પંથકમાં ગાજવીજ સાથે પ્રથમ વરસાદનું આગમન

નગરના મંગળબજારમાં ઘૂંટણસમા પાણી ભરાતા પાલિકાની પ્રી-મોન્સૂન કામગીરીની પોલ ખૂલી

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.6

છોટાઉદેપુર પંથકમાં લાંબા સમયના અસહ્ય ઉકળાટ અને ગરમી બાદ સમી સાંજે અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો. પંથકમાં મેઘરાજાએ ગાજવીજ અને ધમાકેદાર બેટિંગ સાથે પ્રથમ વરસાદનું આગમન કરાવ્યું હતું. આ પ્રથમ વરસાદના કારણે સ્થાનિકોને ગરમીથી મોટી રાહત મળી છે અને ખેડૂતોમાં પણ આનંદની લાગણી છવાઈ છે. જો કે, બીજી તરફ આ પહેલા જ વરસાદે સ્થાનિક નગરપાલિકા તંત્રની પ્રી-મોન્સૂન કામગીરીના દાવાની સંપૂર્ણ પોલ ખોલી નાખી છે.

સમી સાંજે શરૂ થઈ માત્ર એકાદ કલાક પડેલા વરસાદના કારણે છોટાઉદેપુર નગરના સૌથી વ્યસ્ત અને ભરચક ગણાતા મંગળબજાર વિસ્તારમાં જોતજોતામાં ઘૂંટણસમા પાણી ભરાઈ ગયા હતા. બજારમાં પાણી ભરાઈ જવાના કારણે ખરીદી કરવા નીકળેલા સ્થાનિકો અને રાહદારીઓ ભારે મુશ્કેલીમાં મુકાયા હતા.